દિવાની પરચુ. અરજ નં. ૦૮/૨૦૨૬

**અરજદાર ગુણવંતભાઈ સુરેશભાઈ પટેલનાઓની દિવાની પ્રક્રિયા સંહિતા, ૧૯૦૮ ની કલમ–૧૫૨ મુજબ રે.દિ.મુ. નં. ૨૪/૨૦૦૨ ના કામે થયેલ ફેંસલા–હુકમ તેમજ હુકમનામામાં થયેલ ટાઈપિંગ ભૂલ સુધારવા બાબતની અરજી લગત હુકમ**

(૧) હાલની અરજી તથા તેની સાથે રજૂ તમામ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા તેમજ અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા તેમજ કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી.

(૨) રે.દિ.મુ.નં. ૨૪/૨૦૦૨ જમીનની વહેચણી અંગેનો દાવો દાખલ કરવામાં આવેલો. તેમાં આંક–૧૫૬ થી અત્રેની કોર્ટે તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ મામલતદારશ્રી, જલાલપોરનાએ આંક–૧૫૫ થી રજુ કરેલ પાર્ટીશનના હુકમની અમલવારી કરવા બાબતનો રીપોર્ટ વંચાણે લઈ આખરી હુકમનામું દોરવાનો હુકમ કરેલો. આંક–૧૫૭ થી આખરી હુકમનામું દોરવામાં આવેલું.

(૩) હાલની અરજી કરીને અરજદાર/વાદીએ નીચે મુજબનો સુધારો માંગેલ છે.

| ક્રમ | કોર્ટના હુકમ અને આખરી હુકમ મુજબની વિગત | દર્શાવવાની રહી ગયેલ વિગત તેમજ ટાઈપોગ્રાફી ભૂલ |
|---|---|---|
| ૧ | નવા બ્લોક નં. ૭૧૩ જૂનો ૨૬૨/૨ ક્ષે. ૦–૩૯–૨૬ હે.આરે.ચો.મી. | નવા બ્લોક નં. ૭૧૩ (જુ ૨૬૧/૧) ક્ષે. ૦–૪૫–૪૯ હે.આરે.ચો.મી. તેમજ નવો બ્લોક નં. ૭૧૫ જૂનો ૨૬૨/૨ ક્ષે. ૦–૩૯–૨૬ હે.આરે.ચો.મી. |

(૪) આ કામે રજૂ કરેલ રેકર્ડ તેમજ રજૂઆત અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં માલૂમ પડે છે કે, હાલના અરજદારે જે સુધારો માંગેલ છે તે મુજબની વિગત આંક–૧૫૬ વાળા હુકમ તથા આંક–૧૫૭ વાળા હુકમનામામાં દર્શાવેલ નથી અને મામલતદારશ્રી, જલાલપોરનાએ આંક–૧૫૫ થી જે રીપોર્ટ રજૂ કરેલ છે તેમાં અરજદારે જે સુધારો માંગેલ છે તે મુજબની વિગત

જણાવેલ છે અને કોર્ટે તે ધ્યાને લઈને જ હુકમ તથા આખરી હુકમનામું કરેલ છે. જે હુકમ/હુકમનામું તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ થયેલ છે અને અરજદાર અંદાજે ૨ વર્ષ અને આશરે ૧૧ માસ બાદ આવેલ છે, જે બાબત પણ નોંધપાત્ર છે.

(૫) આમ, જો અરજદારે જે સુધારો માંગેલ છે તે મુજબનો સુધારો હુકમ તથા હુકમનામામાં કરવામાં આવે તો દાવાવાળી મિલકતનો બ્લોક નંબર, સર્વે નંબર તેમજ ક્ષેત્રફળ બદલાઈ જાય તેમ છે અને આ સંજોગોમાં અદાલતના મૂળ હુકમ તથા હુકમનામાંનો ભંગ થવાની શકયતા રહેલી છે તેમજ અત્રેની અદાલત ધ્વારા જે તે સમયે આંક–૧૫૬ અને આંક–૧૫૭ થી કરેલ હુકમ તથા હુકમનામામાં કોઈ કારકુની કે ગણિતને લગતી કે કોઈ આકસ્મિક અથવા ચુકથી ભૂલ થયેલ હોય એવું જણાઈ આવતુ ન હોય, અરજદારની હાલની અરજી આથી નામંજૂર યાને કે રદ્દ કરવામાં આવે છે.

(૬) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા. ૨૩મી માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ નવસારી મુકામે ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬.
નવસારી.

**(એ. સી. મલેક)**
બીજા અધિક સિનિયર સિવિલ જજ,
નવસારી. જીજે.૦૧૧૩૧